# રાજ્યભરમાં નીટની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

## વિવિધ પરીક્ષા કેન્દ્રો પર ડ્રેસ કોડનું પાલન નહી થયું હોવા સહિત વિવિધ ફરિયાદ ઉઠી : હવે ૮ જૂને નીટનું પરિણામ

અમદાવાદ, તા.૭

મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટે ફરજિયાત પાસ કરવી જરૂરી એવી નેશનલ એલિજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ(એનઈઈટી-નીટ)ની પરીક્ષા આજે ગુજરાત સહિત દેશભરમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઇ હતી. ગુજરાત સહિત દેશભરમાં ૧૦૪ શહેરોમાં ૨ ૨૦૦થી વધુ પરીક્ષા કેન્દ્રો પર આજે લેવાયેલી નીટની પરીક્ષામાં ગુજરાતમાંથી ૯૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા, જયારે દેશભરમાંથી કુલ ૧૧,૩૫,૧૦૪ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. નીટ-૨૦૧૭ની પરીક્ષાનું પરિણામ હવે તા.૮મી જૂને જાહેર કરવામાં આવશે.

ગુજરાતના સુરત સહિત દેશના જુદા જુદા શહેરોમાં ડ્રેસ કોડનું પાલન નહી થયું હોવાના સહિતની વિવિધ ફરિયાદો ઉઠવા પામી હતી, જેમાં સત્તાવાળાઓ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી સામે છૂટાછવાયા કિસ્સામાં રોષ-આક્રોશ પણ સામે આવ્યો હતો. જો કે, એકંદરે શાંતિપૂર્ણ વાતાવરણમાં નીટની પરીક્ષા સંપન્ન થઇ હતી. આવતીકાલે ગુજરાત સહિત દેશભરમાં યોજાશે. મે-૨૦૧૬માં નીટની પરીક્ષા સુપ્રીમકોર્ટે ફરજિયાત બનાવ્યા બાદ સૌપ્રથમવાર આજે નીટની પરીક્ષા સીબીએસઇ (સેન્ટ્રલ બોર્ડ) દ્વારા લેવાઇ હતી. નીટની પરીક્ષાના પરિણામના આધારે મેડિકલ, ડેન્ટલ આયુષ અને દેશની વેટરનરી કોલેજોમાં પ્રવેશ નક્કી થશે. નીટની પરીક્ષાને લઇ પરીક્ષાર્થી વિદ્યાર્થીઓ માટે ડ્રેસ કોડ સહિતના કેટલાક ચોક્કસ નિયમો લાદવામાં આવ્યા હતા. જે મુજબ, વિદ્યાર્થીઓ બુટ પહેરીને પરીક્ષા આપી શકશે નહી.

વિદ્યાર્થીઓએ પેન્ટ અને હાફ સ્લિવનું શર્ટ અને સ્લીપર અથવા તો સેન્ડલ પહેરીને જ પરીક્ષા આપવી પડશે. જયારે વિદ્યાર્થીનીઓ હેર પીન, મોટા બટન તથા હાઇ હીલના શુઝ પહેરી શકશે નહી. આ બધા નિયમોનું વિદ્યાર્થીનીઓ ફુલ સ્લિવના ડ્રેસ પહેરી લાવતાં ફરજ પર હાજર સુરક્ષા મહિલા કર્મચારીઓએ કાતર વડે વિદ્યાર્થીનીઓની ફુલ સ્લિવ કાપી હાફ સ્લિવ કરી દીધી હતી અને પછી પરીક્ષાખંડમાં પ્રવેશ આપ્યો હતો. આ જ




ચુસ્ત પાલન થાય તેનું આજની પરીક્ષા દરમ્યાન સત્તાવાળાઓ દ્વારા ધ્યાન રાખવામાં આવ્યું હતું. સુરતના નીટના પરીક્ષા કેન્દ્રો પર આજે કેટલીક પ્રકારે દક્ષિણભારતમાં થિરુવનંથપુરમ ખાતે પણ એક પરીક્ષા કેન્દ્ર પર મુસ્લિમ વિદ્યાર્થીનીના માથા પરનો સ્કાર્ફ (હિજાબ) સત્તાવાળાઓએ દૂર કરાવ્યો હતો.

આજની નીટની પરીક્ષામાં ૧૮૦ ઓબ્જેકટીવ ટાઇપ પ્રશ્નો સાથેનું એક પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું. જેમાં ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી(બોટની અને ઝુઓલોજી)ના મુખ્ય પ્રશ્નો હતા. દરેક ઉમેદવારોને પરીક્ષાની પંદર મિનિટ પહેલાં સીલ કવરમાં બુકલેટ અપાઇ હતી. જે વર્ગ નીરીક્ષકની સૂચના બાદ ઉમેદવારોએ ખોલી હતી.

હવે સીબીએસઇ દ્વારા ટૂંક સમયમાં જ નીટ-૨૦૧૭ની આન્સર કી જારી કરવામાં આવશે અને ઉમેદવારોને પ્રશ્નપત્રમાં કોઇ ભૂલ કે ક્ષતિ જણાઇ હોય તો તેને પડકારવાની અથવા તો રજૂઆત કરવાની તક અપાશે. એક વખત આન્સર કી જાહેર થઇ જાય પછી ઉમેદવાર તેને ઓનલાઇન પડકારી શકશે પરંતુ પ્રત્યેક પ્રશ્નદીઠ રૂ.૧૦૦૦ની ચૂકવણી કરવાની રહેશે. જો સીબીએસઇ દ્વારા તેના પડકારને સ્વીકારવામાં આવશે અને ઉમેદવાર સાચા હશે તો તેઓને તેમના પૈસા પાછા મળશે. સીબીએસઇ ઓફિશીયલ વેબસાઇટ પર ઓએમઆર શીટ પણ મૂકશે. નીટની પરીક્ષામાં વિદ્યાર્થીઓ પાણીની બોટલ, કોલ્ડ્રીંક્સ, નાસ્તો, પેન, રાઇટીંગ પેડ, ઇરેસર, કેલ્કયુલેટર, પેન્સિલ બોક્ષ જેવી ચીજવસ્તુઓ પણ લઇ જવા પર પ્રતિબંધ ફરમાવાયો હોવાના કારણે ઉમેદવારોમાં થોડી નારાજગી પ્રવર્તતી હતી. નીટની પરીક્ષામાં કોઇપણ પ્રકારની ગેરરીતિ અને કોઇ બનાવ ના બને તે હેતુથી સમગ્ર પરીક્ષાની વીડિયોગ્રાફી, મેટલ ડિટેકટરથી વિદ્યાર્થીઓના ચેકીંગ અને લોખંડી પોલીસ સુરક્ષા સહિતની સલામતી વ્યવસ્થા તમામ પરીક્ષા કેન્દ્રો પર તૈનાત કરાઇ હતી.

# પ્લમ્બર તરીકે રહી ચોરીને અંજામ આપનાર ઝડપાયો

અમદાવાદ, તા.૭

શહેરના વિવિધ વિસ્તારોમાં પ્લમ્બરના કામના ઓઠા હેઠળ બંધ મકાનની રેકી કરી ઘરફોડ ચોરીના ડો.રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોડના અધિકારીઓ અને સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન શાહીબાગ મૌર્ય પ્લમ્બરના કામના ઓઠા હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં બંધ મકાનની રેકી કરતો હતો અને બાદમાં દિવાળી વેકેશન કે બહારગામ ફરવા



ગુનોઓને અંજામ આપતાં એક રીઢા ઘરફોડ ચોર કિશન ધર્મરાજ મૌર્યને શહેર ક્રાઇમબ્રાંચે ઝડપી લીધો હતો. રીઢા ઘરફોડ ચોરની સઘન પૂછપરછના આધારે ક્રાઇમબ્રાંચના અધિકારીઓએ તેણે વટવા, રામોલ, સાબરમતી, સોલા, નરોડા સહિતના વિસ્તારોમાં ઘરફોડ ચોરીના પદંરેક ગુનાઓનો ભેદ ઉકેલ્યો હતો. ક્રાઇમબ્રાંચે આરોપી કિશન મૌર્ય પાસેથી સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂ.દોઢ લાખના મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં ઘરફોડ ચોરીઓ અટકાવવા નાયબ પોલીસ કમિશનર દિપન ભદ્રનની સૂચના અને મદદનીશ પોલીસ કમિશનર

વિસ્તારમાં ઘેવર કોમ્પલેક્ષ સર્કલ પાસેથી આરોપી કિશન ધર્મરાજ મૌર્ય(રહે. બ્લોક નં-૧૦૧-૧૭૭૩, ગુ.હા.બોર્ડ, કૃષ્ણનગર, નરોડા)ને ઝડપી લીધો હતો.

પોલીસે તેની પાસેથી સોનાની ચાર વીંટી, સોનાની બુટ્ટી-૨, ચાંદીના ઝાંઝર અને સડા-૫, સોનાનો દોરો એક, સોનાની લકી-૨, સોનાની ચુની સહિત કુલ રૂ.૧.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ક્રાઇમબ્રાંચના અધિકારીઓની પૂછરપછમાં આરોપી કિશન મૌર્યએ ઘરફોડ ચોરીના પંદરેક ગુનાઓ કબૂલ્યા હતા. પોલીસે આરોપીની મોડેસ ઓપરેન્ડીનો પણ પર્દાફાશ કર્યો હતો, જે મુજબ, આરોપી કિશન

ગયા હોય તેવા પરિવારોના મકાનોને નિશાન બનાવતો અને ત્યાં ઘરફોડ ચોરીના ગુનાઓને અંજામ આપતો હતો.

મહત્વની વાત તો એ છે કે, આરોપી કિશન મૌર્ય પ્લમ્બીંગના સાધનો વડે જ ઘરફોડ ચોરીના ગુનાઓને અંજામ આપતો હતો. અગાઉ તે જેલમાં પણ જઇ ચૂકયો છે પરંતુ જામીન પર છૂટયા બાદ તેણે ફરીથી પોતાની ગુનાહિત પ્રવૃત્તિ જારી રાખી હતી. આ સિવાય આરોપીની ૨૦૧૫ અને ૨૦૧૬માં પાસા હેઠળ પણ અટકાયત થઇ ચૂકી છે. ક્રાઇમબ્રાંચે આરોપીની સઘન પૂછરપછ હાથ ધરી આ પ્રકરણમાં આગળની તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં ગરમીનો કાળો કેર

અમદાવાદ, તા.૭

અમદાવાદ સહિત રાજ્યના વિવિધ ભાગોમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. આજે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પારો ૪૪.૫ સુધી પહોંચી ગયો હતો. બીજી બાજુ અમદાવાદમાં પણ પારો ૪૩.૩ સુધી પહોંચ્યો હતો. અમદાવાદમાં પારો ૪૩થી ઉપર પહોંચતા ઓરેન્જર એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી હતી. ગરમીનું મોજુ અકબંધ રહેવાના એંધાણ દેખાઈ રહ્યા છે. આજે ગાંધીનગર ઉપરાંત સુરેન્દ્રનગરમાં પણ પારો ૪૪ સુધી પહોંચ્યો હતો. બપોરના ગાળામાં કાળઝાળ ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. આજે રવિવાર હોવાના કારણે લોકો ઘરથી બહાર નિકળ્યા ન હતા. હિટ સ્ટ્રોકના કારણે તાજેતરમાં જ અનેક લોકોને અસર થઇ હતી. અમદાવાદ શહેર માટે હિટવેવ એક્શન પ્લાનની જાહેરાત કરવામાં આવ્યા બાદ આને અમલી રાખવામાં આવ્યો છે. લોકોને હિટવેવ સામે જાગૃત કરવા પણ પગલા લેવાયા છે. બાગબગીચાઓને પણ ખુલ્લા રાખવામાં આવી રહ્યા છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન આજે ૪૩થી ઉપર પહોંચતા લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો. ડિસામાં પણ પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. રાજકોટમાં ૪૩.૮ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. બીજી બાજુ સામાન્ય લોકો પણ સાવધાન થયા છે અને બપોરના ગાળામાં હવે લોકો નજરે પડી રહ્યા નથી. કામ સિવાય બહાર નહીં નિકળવાની સૂચનાનું પાલન કરવામાં આવી રહ્યું છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. તીવ્ર ગરમી વચ્ચે ઈન્ફેક્શનના બનાવોમાં સતત વધારો થતાં લોકોને સાવચેત રહેવા પણ નિષ્ણાત તબીબો સૂચન કરી રહ્યા છે. અમદાવાદ સહિત રાજ્યના અનેક ભાગોમાં પારો સતત વધી રહ્યો છે. અમદાવાદ શહેરમાં આવતીકાલે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર થાય તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે. લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં કાળઝાળ ગરમીથી લોકો આજે પણ ત્રાહિમામ પોકારી ગયા હતા. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઈને કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ બપોરના ગાળામાં હાલમાં લોકો વધુ સાહસ કરી રહ્યા નથી. અમદાવાદ શહેરમાં જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકો દ્વારા વિવિધ વિસ્તારોમાં પાણીની પરબ મુકવામાં આવી છે. આ ઉપરાંત પણ સેવાભાવી સક્રિય થયેલી છે. અમદાવાદ શહેરમાં બપોરમાં જનજીવન પણ ખોરવાયું હતું. ઘણા રસ્તાઓ સુમસામ બન્યા હતા. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સક્રિય થયેલી છે. આ સાથે જ શરીર પર એવા વસ્ત્રો પહેરવા જેથી કરીને ગરમ પવનોની અસર ન થાય. લૂ ન લાગે કે હિટસ્ટ્રોકનો ભોગ બનવું ન પડે તે માટે લોકોને બને એટલું પાણી વધારે પીવા પર ખાસ સલાહ સલાહ આપવામાં આવી છે.

## સિનિયર સીટીઝનના બે લાખ લઈ ગઠિયો આખરે ફરાર થયો

બેંકમાંપૈસા ભરવા લાઇનમાં ઉભા હોય તેવા વૃધ્ધ વ્યકિતઓને ગઠિયાઓ દ્વારા નિશાન બનાવાતા હોવાના અનેક કિસ્સા સામે આવ્યા છે પરંતુ તેમછતાં સીનીયર સીટીઝન્સ ઉમંરના મારના કારણેઘણીવાર આવા તત્વોપર વિશ્વાસ મૂકવા મજબૂર બનતા હોય છે. આવા જ એક કિસ્સામાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની કારંજ દાણાપીઠ બ્રાંચમાં રૂ.બે લાખ જમા કરાવવા આવેલા એક ૭૫ વર્ષીય વૃધ્ધે અજાણ્યા શખ્સને પોતાના પૈસા જમા કરાવવા આપતાં આ અજાણ્યો શખ્સ પૈસા લીધા બાદ તે બેંકમાં જમા કરાવવાને બદલે વૃધ્ધની નજર ચૂકવી સિફતતાપૂર્વક ત્યાંથી રફુચક્કર થઇ ગયો હતો. શહેરના નારણપુરા વિસ્તારમાં સોલા રોડ પર આવેલા સુંદરવન એપાર્ટમેન્ટ ખાતે રહેતાં ૭૫ વર્ષીય રસિકલાલ મોહનલાલ મોદી તા.૩-૫-૨૦૧૭ના રોજ બપોરે ૧-૦૦થી ૧-૪૫ વાગ્યા દરમ્યાન સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની કારંજ દાણાપીઠ બ્રાંચમાં રૂ.બે લાખ જમા કરાવવા ગયા હતા, એ વખતે ૪૦થી ૪૫ વર્ષના આશરાના શખ્સને વિશ્વાસમાં આવી તેમણે પોતાના પૈસા જમા કરાવવા આપ્યા હતા.

## આક્રમક રણનીતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધુ અસરકારક નક્સલ વિરોધી વ્યૂહરચના તૈયાર કરવામાં આવનાર છે. મળેલી માહિતી મુજબ આ બેઠકમાં નક્સલવાદીગ્રસ્ત જિલ્લાઓના જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેનાર છે. જાણકાર લોકોનું કહેવું છે કે, બેઠકમાં રાજનાથસિંહ અસરગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓ તેમની પોતાની યોજના તૈયાર કરવા માટે પણ કહી શકે છે. ગૃહમંત્રાલય અને રાજનાથસિંહ સુરક્ષા અધિકારીઓને કહી ચુક્યા છે કે, નક્સલવાદીઓ દ્વારા વારંવાર કરવામાં આવતા હુમલાઓને કઈ રીતે રોકવામાં આવે તેના ઉપર રુપરેખા રજૂ કરવામાં આવે. હિંસાગ્રસ્ત વિસ્તારોમાં જ્યારે વિકાસ કામગીરી હાથ ધરવામાં આવે છે અથવા તો માર્ગ નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવે છે ત્યારે છુપા હુમલા કરવામાં આવે છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં વિકાસની કામગીરી અને માર્ગ નિર્માણના મુદ્દા ઉપર ચર્ચા થશે. આ બેઠકમાં મુખ્યમંત્રીઓ એક વૈકલ્પિક આધુનિક ટેકનોલોજીને લીલીઝંડી આપશે. જે પ્રોજેક્ટોને ઝડપથી પૂર્ણ કરવામાં મદદરુપ થશે. ગૃહમંત્રાલયના અધિકારીઓનું કહેવું છે કે, હાલમાં માઓવાદી પ્રવૃત્તિના ૯૦ ટકા વિસ્તાર ૩૫ જિલ્લાઓની હદમાં છે. ૧૦ રાજ્યોમાં ૬૮ જિલ્લાઓમાં માઓવાદી હજુ પણ સક્રિય રહેલા છે. આવતીકાલની બેઠકમાં કેન્દ્ર સરકાર તરફથી અન્ય પ્રધાનો પણ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. આ બેઠકને હિંસાને રોકવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ તરીકે ગણવામાં આવે છે.

## ખળભળાટ.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું હતું કે, કેજરીવાલના એક નજીકના સંબંધી માટે ૫૦ કરોડ રૂપિયાની જમીન સમજૂતિ કરવામાં આવી છે. કપિલે એમ પણ કહ્યું હતું કે, તેમને પહેલા એવું લાગ્યું હતું કે, કેજરીવાલ ખુબ જ ઈમાનદાર છે પરંતુ આ પૈસાના સંદર્ભમાં પુછવામાં આવ્યા બાદ તેઓએ કોઈ માહિતી આપી ન હતી. રાજઘાટમાં પત્રકાર પરિષદમાં કપિલે કહ્યું હતું કે, સત્યેંદ્ર જૈને અરવિંદ કેજરીવાલને તેમની સામે બે કરોડ રૂપિયા આપ્યા હતા. બે દિવસ પહેલા જ આ બે કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. જ્યારે તેઓએ આ પૈસાના સંદર્ભમાં વાત કરી ત્યારે કોઈ જવાબ આપવાનો ઈન્કાર કર્યો હતો. કેજરીવાલે કહ્યું હતું કે, રાજનીતિમાં કેટલીક એવી વાત છે જે કોઈને બતાવી શકાય નહીં. કપિલ મિશ્રાએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, આ પૈસા ક્યાંથી આવ્યા, રોકડ રકમ કેમ હતી. આ સંબંધમાં તમામ માહિતી આપવામાં આવે પરંતુ કેજરીવાલે કોઈ જવાબ આપ્યા ન હતા. કપિલ મિશ્રાએ એમ પણ કહ્યું હતું કે, કેજરીવાલને તેઓએ કહ્યું હતું કે, ભુલ કોઈનાથી પણ થઈ શકે છે. માફી માંગી લેવામાં આવે એસીબીને તેઓ આ વાત કરવા માંગે છે. ત્યારબાદ ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. તેમને લાગ્યું હતું કે, આ સંદર્ભમાં ચર્ચા કરવામાં આવશે. કપિલે એમ પણ કહ્યું હતું કે, બ્લેકમની અને મનીલોન્ડરિંગના સંદર્ભમાં સત્યેંદ્ર જૈનને લઈને ઘણા મામલા છે જે તમામ લોકો જાણે છે. તેઓએ સરકારમાં પોતાની પુત્રીને, સંબંધીઓને હોદ્દા આપ્યા છે. સત્યેંદ્ર જૈને પણ તેમને કહ્યું છે કે, અરવિંદ કેજરીવાલના કોઈ સગાસંબંધી માટે તેઓએ ૫૦ કરોડની જમીન સોદાબાજી કરાવી છે. પ્રધાનમંડળમાંથી હકાલપટ્ટી કરવામાં આવેલા કપિલ મિશ્રાએ કહ્યું હતું કે, પોતાની આંખોની સામે રોકડ જોઈ લીધા બાદ શાંત રહેવાની બાબત તેમના માટે મુશ્કેલ હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેઓ ઘણા પ્રકારની ચીજો જોઈ ચુક્યા છે. કેજરીવાલ સાથે ચર્ચા પણ કરી હતી. કેજરીવાલ ઉપર વિશ્વાસ હતો કે, તેઓ એક ઈમાનદાર છે. કરોડોની ફંડિંગના મામલામાં પંજાબમાં આવ્યા હતા, દિલ્હી સરકારમાં પણ આવ્યા હતા. અમને લાગ્યું કે કેજરીવાલ આ બાબતથી વાકેફ હશે નહીં. જ્યારે તેમની જાણમાં આ બાબત આવશે ત્યારે તમામ બાબત વ્યવસ્થિત થઈ જશે.

## વિમાની સેવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યું હતું જેથી હવે આ રુટ ઉપરની સેવાને બંધ કરવાના કારણ ઉપર પહોંચી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, આ રુટ ઉપર સરકાર દ્વારા કોઈ ખાસ સબસિડી આપવામાં આવી રહી નથી જેથી નજીકના ભવિષ્યમાં પણ વહેલી તકે આ સેવા શરૂ કરવાની તૈયારી નથી. જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાની સેના દ્વારા બે ભારતીય જવાનોના માથા કાપી દેવામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધો ખુબ જ તંગ બની ગયા છે. આવી સ્થિતિમાં પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સે આ ફ્લાઈટ બંધ કરી છે. બીજી બાજુ પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સે એવા અહેવાલને રદિયો આપ્યો છે કે, બંને દેશો વચ્ચેના તંગ સંબંધોના લીધે આ સેવા બંધ કરાઈ છે.

## હેલ્થ ચેકઅપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેખાઈ રહી છે. આ નીતિમાં એકલી જીવન ગાળી રહેલી મહિલાઓની આવક પર ઓછા ટેક્સ લાગૂ કરવાની દરખાસ્ત છે. કારણ કે મંત્રી ગ્રુપને લાગે છે કે, આવી મહિલાઓની સંખ્યા વધી રહી છે. આંકડા દર્શાવે છે કે, વર્ષ ૨૦૦૧-૨૦૧૧ વચ્ચેના ગાળામાં આ કેટેગરીમાં રહેલી મહિલાઓની સંખ્યામાં ૩૯ ટકા સુધીનો વધારો નોંધાઈ ચુક્યો છે. સૂચિત રાષ્ટ્રીય મહિલા નીતિમાં અન્ય બાબતો ઉપર પણ વિચારણા ચાલી રહી છે. સાફ સફાઈ માટેની જરૂરી વસ્તુઓ ઉપર પણ ટેક્સ ખતમ કરવાની હિલચાલ ચાલી રહી છે. સાફ સફાઈ માટેની ચીજવસ્તુઓ ઉપર ટેક્સ ઘટાડીને સરળતાથી ઉપલબ્ધ કરાવવાની યોજના તૈયાર થઈ રહી છે. મહિલાઓ માટે વધારે પ્રમાણમાં જાહેર શૌચાલયોના નિર્માણ ઉપર પણ કામ ચાલી રહ્યું છે. આ નીતિમાં સ્થાનિક હિંસાની શિકાર થયેલી મહિલાઓને મફત સારવાર અને કાયદાકીય સહાયતા આપવાની સાથે સાથે તેમને આશ્રય આપવાના પાસા ઉપર પણ વિચારણા ચાલી રહી છે. રાષ્ટ્રીય મહિલા નીતિને જો કેબિનેટની મંજુરી મળી જશે તો સરકાર સિનિયરો અને ખાસ કરીને વિધવા મહિલાઓને મદદમાં આગળ આવી શકે છે. મહિલાઓની કાળજીમાં ઘટાડો થયો છે જેના લીધે મહિલા નીતિમાં હેલ્થ કાર્ડ બનાવવાની દરખાસ્ત સામેલ કરવામાં આવી છે. આ દરખાસ્ત હેઠળ મહિલાઓને અનિમિયા અને જુદા જુદા પ્રકારના કેન્સરના રોગ જેવી બિમારીની મફત ચકાસણી થઈ શકશે. સગર્ભા મહિલાઓ માટે કેશલેસ સર્વિસ અને ગંભીર બિમારિયોની સ્થિતિમાં વ્યાપક આરોગ્ય વિમાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. મહિલા કલ્યાણની દિશામાં આ પગલાઓને તરત અમલીકરણ માટે રજૂઆત થઈ ચુકી છે. પ્રધાન ગ્રુપ તરફથી આ પ્રકારના સૂચન ઉપર એક નિષ્ણાત સેક્શનમાં તરત જ કાર્યવાહી ક્ષેત્રોમાં તેની ઓળખ કરવામાં આવી છે. મહિલા નીતિમાં દેશના કાર્યબળમાં મહિલાઓની સંખ્યા વર્ષ ૨૦૩૦ સુધી વધારીને ૫૦ ટકા સુધી લઈ જવાની યોજના તૈયાર કરાઈ છે. સરકાર અને એજન્સીઓ તરફથી આયોજિત સ્પર્ધા અને પ્રવેશ પરીક્ષામાં હાજરી માટે મહિલાઓને મફત નોંધણી, મફત કોચિંગ અને મહિલા કર્મચારીઓ માટે મોટા અને નાના શહેરોમાં વધારે હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. રાષ્ટ્રીય મહિલા નીતિમાં પ્રવાસી ભારતીય મહિલાઓની ભૂમિકા તથા તેમના મુદ્દા તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રમાં તેમના યોગદાનની પણ વાત કરાઈ છે. સૂચિત દસ્તાવેજમાં એકથી વધારે લગ્ન, પતિ દ્વારા છોડી મુકવામાં આવેલી મહિલાઓ, સ્થાનિક હિંસાનો શિકાર થયેલી મહિલાઓ અને બાળકો ઉપર બળજબરીપૂર્વક અધિકાર જમાવવાના મામલાથી પ્રભાવિત પ્રવાસી ભારતીય મહિલાઓની સમસ્યાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## સોફ્ટવેર સાથેના મોબાઈલ ... ● ત્રીજા પાનાનું ચાલુ

આ પરિસ્થિતિને હળવી કરવા અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ફરજ પરના જવાનોને ૧૫૦૦ થી પણ વધુ ખાસ સોફટવેર સાથેના મોબાઈલ આપવામાં આવ્યા છે.આ મોબાઈલની મદદથી ફરજ પરનો જવાન ટ્રાફિકના નિયમોનું ભંગ કરનારની ઈમેજ પોતાના મોબાઈલ દ્વારા લઈ તેને સેન્ટ્રલી મોનિટરીંગ સ્ટેશને સીધી સેન્ડ કરી દેશે.જેને આધારે ટ્રાફિકના નિયમોનું ભંગ કરનારને ટ્રાફિક પોલીસ દ્વારા ઈ-મેમો ફટકારવામાં આવશે.સૂત્રો તરફથી મળતી માહીતી અનુસાર,શહેર ટ્રાફિક પોલીસ દ્વારા આ અગાઉ આ મોબાઈલની મદદથી પ્રાયોગિક ધોરણે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.જેમાં મળેલી સફળતાને પગલે હવે એક સાથે ૧૫૦૦ મોબાઈલ ફરજ પરના જવાનોને આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.આ સોફટવેરની વિશેષતા એ છે કે,ટ્રાફિકના નિયમોનો ભંગ વાહનચાલક દ્વારા કઈ તારીખે,કયા સ્થળે,કયા સમયે કરવામાં આવ્યો હતો.તે તેની ઈમેજ સાથે દર્શાવશે.હાલ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા રોજ અમદાવાદ શહેરના વિવિધ ટ્રાફિક જંકશનો પર મળીને કુલ ૨૫૦૦ જેટલા ઈ-મેમો ઈશ્યુ કરવામાં આવી રહ્યા છે.હવે શહેરના ૨૦૦ થી વધુ ક્રોસરોડ અને ટ્રાફિક જંકશનો ઉપર કાર્યરત કરવામાં આવેલા ૨૨૫ જેટલા હાઈડેફિનેશન સીસીટીવી કેમેરાને સર્વેલન્સ એન્ડ ટ્રાફિક મોનિટરીંગ સિસ્ટમ પ્રોજેકટ કે જે સ્માર્ટસિટી પ્રોજેકટ હેઠળ આવરી લેવામાં આવ્યો છે.તેની સાથે જોડવામાં આવ્યો છે. અમદાવાદ શહેરના ટ્રાફિકના જવાનોને આ ખાસ સોફટવેર સાથેના મોબાઈલ આપવામાં આવ્યા બાદ ઈ-મેમોની સંખ્યામાં અનેકઘણો વધારો થવા પામશે.આ સાથે જ રોંગસાઈડમાં વાહન ચલાવનારા પણ પકડાશે.આ સાથે જ ગેરકાયદે વાહન પાર્ક કરવાવાળાને પણ ઈ-મેમો મોકલી દંડની વસુલાત કરવાની ટ્રાફિક પોલીસ દ્વારા તમામ તૈયારીઓ પુરી કરી લેવામાં આવી છે.આમ વાહનચાલકોએ હવે સંભાળવાનો સમય આવશે.

## નીટની પરીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરતા વિદ્યાર્થીઓની સમજણ તેમજ વિચાર શક્તિના ઉપયોગ બાદ પણ પ્રશ્નોના જવાબ આપવાનુ કામ અઘરુ હતુ. રસાયણવિજ્ઞાનના વિષય નિષ્ણાંત એચ આર પંડયાના જણાંવ્યા મુજબ કેમેસ્ટ્રીમાં પણ અઘરા પ્રશ્નોના ગણતરીપુર્વક જવાબ આપવા પડે તેવા હતા. ધોરણ - ૧૧ થી અલબત્ત શરૂઆતથી જ નીટની પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે આ કસોટી પ્રમાણમાં સરળ રહી હોવાનુ પણ વિષય નિષ્ણાંતોએ જણાંવ્યુ છે. ગુજરાત ઉપરાંત સમગ્ર રાજયની ૫૬ હજાર જેટલી મેડિકલ ડેન્ટલની સીટ માટે સમગ્ર દેશમાંથી અંદાજિત ૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓએ નીટની પરીક્ષા આપી હતી.

## વિકાસ કામો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા અને કલોલમાં પણ ૧૦૦ જેટલા કામો પ્રગતિ હેઠળ હોવાનું સમીક્ષા દરમ્યાન જણાઈ આવેલ છે. આયોજન મંડળ દ્વારા પાણીની પાઈપલાઈન, પેવર બ્લોક, કમ્પાઉન્ડ વોલ, હવાડાના કામો, સ્મશાનગૃહના વરંડા, ગટરલાઈનના કામો સૂચવવામાં આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે સમીક્ષા બેઠકમાં ૧૭-૧૮ના જે કામોને પ્રાથમિક મંજૂરી મળી ગઈ છે તે પૈકીના ૮૦ ટકાથી વધુ કામોની વહીવટીય અને તાંત્રિક મંજૂરી માટેના નકશા-અંદાજો પણ રજુ કરી દેવામાં આવતાં તેમણે આ કામો સમયસર શરૂ થાય અને સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા જણાવ્યુ હતુ.